सत्यमेव जयते

| Received on : | ૧૯-૦૨-૨૦૨૬ | | |
|---|---|---|---|
| Registered on : | ૧૯-૦૨-૨૦૨૬ | | |
| Decided on : | ૨૮-૦૪-૨૦૨૬ | | |
| Duration : | Year | Month | Days |
| | ૦૦ | ૦૨ | ૦૯ |

**દિયોદર ના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, દિયોદર, જી. બનાસકાંઠા**

આંક._____.

## ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૪૮/૨૦૨૬

**અરજદાર :-** નાસીરખાન ઉમરખાન મલેક
રહેવાસી. ભોજાણી વાસ, મુ. વારાહી,
તા. સાંતલપુર, જી. પાટણ.

વિરૂધ્ધ

**સામાવાળા :-** શ્રી. સરકાર
(દિયોદર પોલીસ સ્ટેશન)

**બાબત : ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭ મુજબ મુદ્દામાલ વાહન પરત મેળવવા માટેની અરજી**

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. જે. ડી. પ્રજાપતી**
**સામાવાળા સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ. આર. બ્રાહમણ**

---

**-: જ જ મે ન્ટ :-**

૧. આ કામના અરજદારે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭ અન્વયે દિયોદર પોલીસ સ્ટેશનના ગુના રજીસ્ટર નંબર. ૧૧૯૯૬૦૦૩૨૬૦૦૬૨/૨૦૨૬, પશુઓ પ્રત્યે ક્રુરતા પ્રતિબંધ અધિનિયમ ની કલમ ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઇ), ૧૧(૧)(કે) તથા ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૨૮૧ મુજબના ગુનાના કામે મુદદામાલ તરીકે કબજે લીધેલ અરજદારની માલીકી અને કબજા ભોગવટાનું વાહન મહિન્દ્રા બોલેરો પીકઅપ ડાલુ જેનો આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન નંબર GJ-08-Z-9429 નો છે અને તેનો ચેસીસ નંબર MA1ZN2GHKE1C31559 અને એન્જીન નંબર GHE1C24656 નો છે તે મુદદામાલ વાહન મહિન્દ્રા બોલેરો પીકઅપ ડાલુ વચગાળાની કસ્ટડી તરીકે પરત મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. હાલની અરજી, અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા તપાસ કરનાર અમલદારે રજુ કરેલ આંક ૪ નો અભિપ્રાય, પંચનામું, મુદદામાલ પાવતી અને સદર મુદદામાલ વાહનના વેચાણ લેખની નકલ વંચાણે લીધી. સદર મુદદામાલ વાહન ની આર.સી. બુક તેમ જ આ કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અબ્દુલખાન સુલતાનખાન બલોચ અને આરોપી મહમદખાન સુલતાનખાન બલોચ નાઓએ રજુ કરેલ આંક ૮ અને આંક ૯ ની નો કલેઇમ પુરશીશો પણ વંચાણે લીધી. વધુમાં અરજદાર તરફે રજુ થયેલ મહિન્દ્રા ફાયનાન્સ, રાધનપુર નું અરજદાર નાસીરખાનના વાહનનું લોન સ્ટેટમેન્ટ તેમ જ આંક ૧૧ થી રજુ થયેલ અરજદારનું સોગંદનામું વંચાણે લીધું. અરજદાર તરફે તેઓના વિધ્વાન વકીલ શ્રી. જે. ડી. પ્રજાપતી તેમ જ સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ.આર. બ્રાહમણ ની દલીલો સાંભળી.

૩. અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી. પ્રજાપતીએ હાલની અરજીની હકીકતો મુજબની દલીલો કરતા જણાવેલ છે કે હાલના કામે કબજે કરેલ મુદદામાલ વાહન આર.ટી.ઓ. ખાતે હાલના અરજદારના નામે ચાલે છે અને અરજદાર સદર મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર છે. વધુમાં ફરીયાદની હકીકતો ને જોવામાં આવે તો સદર મુદદામાલ વાહનમાં નાની મોટી ભેંસ (પાડી) જીવ નંગ ૦૪ હતા અને પોલીસે હાલનો ગુનો દાખલ કરી મુદદામાલ વાહન અને તેમાંની નાની મોટી ભેંસ (પાડી) જીવ નંગ ૦૪ જે તે વખતે અબ્દુલખાન સુલતાનખાન અહેમદખાન પાસેથી કબજે

કરેલ છે. વધુમાં અરજદારના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે સદર મુદ્દામાલ વાહનમાંથી પશુ પકડાયેલ છે તે નાની મોટી ભેંસ (પાડી) હોઇ સદર મુદ્દામાલ વાહનમાંથી ગૌવંશને લગતા કોઇ પશુ પકડાયેલ નથી અને સદર મુદ્દામાલ વાહન કોઇ ગુનાહીત મુદ્દામાલ નથી અને કેસ ચાલતા ઘણો સમય જાય તેમ હોઇ સદર મુદ્દામાલ વાહન ની વચગાળાની કસ્ટડી આ કામના હાલના અરજદારને સોંપવા હુકમ કરવા અરજ કરેલ છે.

૩.૧ વધુમાં અરજદારના વિધ્વાન વકીલશ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે આ કામે સદર મુદ્દામાલ વાહનમાંથી નાની મોટી ભેંસ (પાડી) જીવ નંગ ૦૪ કબજે કરી સદર મુદ્દામાલ પીકઅપ ડાલાના ચાલક અબ્દુલખાન સુલતાનખાન અહેમદખાન વિરૂધ્ધ હાલનો ગુનો દાખલ કરેલ છે અને પોલીસે કબજે કરેલ નાની મોટી ભેંસ (પાડી) કતલ કરવાના હેતુસર લઇ જવામાં આવતા ન હતા અને ફરીયાદીની ફરીયાદ મુજબ તે નાની મોટી ભેંસ (પાડી) ને મુદ્દામાલ પીકઅપ ડાલામાં ક્રુરતાપુર્વક દોરડા વડે બાંધી ભરી કોઇપણ પ્રકારનો ઘાસચારો કે પાણીની સગવડ વ્યવસ્થા ન રાખી સદર મુદ્દામાલ પીકઅપ ડાલુ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ પોલીસે દાખલ કરેલ છે અને આ કામે સદર મુદ્દામાલ વાહનમાંથી કબજે કરેલ નાની મોટી ભેંસ (પાડી) તે ગૌવંશ ન હોઇ સદર ભેંસ અને પાડા ની હેરફેર પ્રતિબંધીત ન હોવાની રજુઆત કરી હાલના કામે પોલીસે કબજે કરેલ અરજદાર ના કબજા ભોગવટાનું વાહન હાલમાં પોલીસ સ્ટેશનમાં ખુલ્લામાં પડી રહેલ છે અને જેની કોઇપણ રીતે સાર સંભાળ કે દેખરેખ રાખવામાં આવતી નથી અને જો અરજદારની માલીકી કબજા ભોગવટાનું કબજે કરવામાં આવેલ વાહન લાંબો સમય માટે પોલીસ સ્ટેશન ખાતે બંધ હાલતમાં ખુલ્લામાં પડી રહે તો વાહનના ટાયરો, ટયુબ તથા એન્જીનની બોડી, બેટરી તથા સ્પેરપાર્ટસ અને મશીનરીને ભારે નુકસાન થાય તેમ હોઇ અને તેનાથી સદર મુદ્દામાલ વાહન ઉપયોગ કરવા લાયક પણ રહે નહી અને તેથી અરજદારને મોટું આર્થિક નુકસાન થાય તેમ હોવાનું જણાવી સદર મુદ્દામાલ વાહન વિના અરજદારને મોટી અગવડતાઓ ઉભી થયેલ હોઇ તેમ જ સદર મુદ્દામાલ વાહન અરજદારની આજીવીકાનું એકમાત્ર સાધન હોઇ અને તેના વિના અરજદારને

ભારે હાલાકી ભોગવવી પડતી હોઇ, સદર મુદદામાલ વાહન વચગાળાની કસ્ટડી તરીકે અરજદારને સોંપવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

૪. સદર કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ આંક ૪ થી રજુ કરેલ મુદદામાલ અંગેનો અભિપ્રાય, પંચનામું તથા મુદદામાલ પાવતી રજુ કરીને મુદદામાલ પીકઅપ ડાલાના ચાલક કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અબ્દુલખાન સુલતાનખાન અહેમદખાન બલોચ ના કબજામાંથી કબજે લીધેલ હોવાનું અને તપાસ દરમિયાન સદર મુદદામાલ વાહન નવાબખાન અહેમદખાન બલોચ નાએ સદર મુદદામાલ વાહન વેચાણ રાખેલ હોવાનું અને આ મુદદામાલ પીકઅપ ડાલુ તેમના સહ આરોપી મહમદખાન સુલતાનખાન બલોચ અને કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અબ્દુલખાન સુલતાનખાન અહેમદખાન બલોચ ઉપયોગ કરતા હોવાનું જણાવી સદર મુદદામાલ પીકઅપ ડાલામાં નાની મોટી ભેંસ (પાડી) જીવ નંગ ૦૪ આશરે કુલ કિંમત રૂપીયા ૧૭,૫૦૦/- તથા પીકઅપ ડાલા નંબર **GJ-08-Z-9429** જેની અંદાજીત કિંમત રૂપીયા ૨,૦૦,૦૦૦/- વાળામાં ક્રુરતાપુર્વક દોરડા વડે બાંધી ભરી કોઇપણ પ્રકારની ઘાસચારા કે પાણીની સગવડ વ્યવસ્થા ન રાખી પોતાનું પીકઅપ ડાલુ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ગુનો કરેલ હોઇ અને રેઇડ દરમિયાન સદર મુદદામાલ વાહન નાની મોટી ભેંસ (પાડી) જીવ નંગ ૦૪ સાથે તપાસના કામે કબજે કરેલ હોવાનું જણાવી આ કામના અરજદારે સદર મુદદામાલ વાહન નવાબખાન અહેમદખાન બલોચને વેચાણ આપેલ હોવાનું જણાઇ આવે છે અને સદર વાહન બાબતે હાલના અરજદાર મુળ માલીકને અવારનવાર ટેલીફોનીક જાણ કરવા છતાં નિવેદન આપવા આવેલ નથી જેથી વાહન બાબતે વાહન માલીકની ખરાઇ કરવાની બાકી હોઇ તેમ જ વેચાણ લેખમાં જણાવેલ નામવાળી વ્યકિત પણ પોતાનો હકક દાવો રજુ કરી શકે તેમ હોઇ જો સદર મુદદામાલ વાહન આ કામના અરજદારને પરત સોંપવામાં આવે તો ફરીવાર આવા પ્રકારના ગુનાઓમાં ઉપયોગ થવાની શકયતા નકારી શકાય તેમ ન હોઇ સદર મુદદામાલ વાહન અરજદારને પરત નહીં સોંપવા અભિપ્રાય આપેલ છે.

૫. સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રી. એસ.આર. બ્રાહમણ એ હાલની અરજીના વિરૂધ્ધમાં રજુઆત કરેલ છે કે આ કામે અરજદારે હાલની અરજીમાં તેઓ સદર કબજે કરેલ મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર હોવાની હકીકત જણાવેલ છે અને અરજદારે સદર મુદદામાલ વાહનની આર.સી. બુકમાં તેમનું નામ ચાલતુ હોવા માત્રથી તેઓએ હાલની અરજી કરેલ છે અને આ કામે તપાસ કરનાર અમલદારના અહેવાલ મુજબ આ કામના અરજદારે તારીખ ૦૯/૧૨/૨૦૨૫ ના રોજ વેચાણ કરાર કરી સદર મુદદામાલ પીકઅપ ડાલુ નવાબખાન અહેમદખાન બલોચને વેચાણ આપેલ છે અને તે તારીખ થી સદર મુદદામાલ વાહન પીકઅપ ડાલાના મુળ માલીક હાલના અરજદારે સદર વાહનનો કબજો નવાબખાન અહેમદખાન બલોચને સોંપી દીધેલ હોવાનું જણાવેલ છે અને તપાસ કરનાર અમલદાર શ્રીએ તેમના અહેવાલની સાથે સદર મુદદામાલ વાહનના વેચાણ લેખની નકલ રજુ કરેલ છે. આમ, આ કામે હાલના અરજદારે પોતાની માલીકીનું મુદદામાલ પીકઅપ ડાલુ વેચાણ લેખ કરી નવાબખાન અહેમદખાન બલોચને વેચાણ આપી કબજો સોંપી દીધેલ હોવા છતાં માત્ર આર.ટી.ઓ. કચેરીમાં હાલના અરજદારનું નામ ચાલતું હોવા માત્રથી હાલની અરજી કરેલ છે અને હાલના અરજદારે સદર મુદદામાલ વાહન તેઓએ વેચાણ આપી કબજો અન્ય વ્યકિતને સોંપી દીધેલ હોવાની મહત્વની હકીકત હાલની અરજીમાં છુપાવેલ છે. વધુમાં સરકાર તરફે વિધ્વાન એ.પી.પી. શ્રીએ તેમની દલીલોમાં જણાવેલ છે કે સદર મુદદામાલ વાહનમાં નાની મોટી ભેંસ (પાડી) જીવ નંગ ૦૪ ને એકદમ ક્રુરતા પુર્વક રાખી તથા સદર ગાડીમાં કોઇ ઘાસચારાની કે પાણીની સુવિધા પુરી પાડેલ ન હોઇ અને પશુઓની એક સ્થળેથી બીજે સ્થળે હેરફેર કરી ગેરકાયદેસર રીતે લઇ જતા હતા અને જે તે સમયે પોલીસે સ્થળ ઉપરથી મુદદામાલ વાહન અને નાની મોટી ભેંસ (પાડી) કબજે લીધેલ હોવાનું જણાવી સદર મુદદામાલ વાહનમાં કોઇપણ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર કે પશુઓની હેરફેર કરવાની પરમીટ વીના આ કામે નાની મોટી ભેંસ (પાડી) ને સદર મુદદામાલ વાહનમાં ક્રુરતાપુર્વક દોરડા વડે બાંધી ભરી કોઇપણ પ્રકારની ઘાસચારા કે પાણીની વ્યવસ્થા ન કરી પશુ પ્રત્યે ક્રુરતા આચરેલ હોવાનો આક્ષેપ છે. વધુમાં આ કામે હાલના અરજદારે સદર મુદદામાલ વાહન ઉપર મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફાઇનાન્સ માંથી લોન લીધેલ હોવા છતાં સદર મુદદામાલ વાહન વેચાણ લેખ કરીને અન્ય વ્યકિતને વેચાણ આપી દીધેલ છે અને

આ કામના અરજદારનું નામ આર.સી. બુકમાં ચાલી રહેલ છે અને ત્યારબાદ સદર મુદદામાલ વાહનનો ગુનાના કામે ઉપયોગ કરેલ હોવાનું તપાસમાં બહાર આવેલ હોઇ જો સદર મુદદામાલ વાહન અરજદારને પરત સોંપવામાં આવે તો તેનો ફરીથી આવા ગુનાઓમાં ઉપયોગ થવાની સંભાવના નકારી શકાય તેમ ન હોઇ અને આ કામે હાલમાં તપાસ ચાલુ હોઇ અરજદારની હાલની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૬. ઉભયપક્ષની દલીલો સાંભળી. અરજદારની હાલની અરજી તથા તેની સાથે રજુ કરેલ દસ્તાવેજો તેમજ પોલીસ અભિપ્રાય, પંચનામા અને મુદદામાલ પાવતી વંચાણે લીધા. હાલના કામે તપાસ કરનાર અમલદાર શ્રીએ પોતાના આંક ૪ ના અભિપ્રાય સાથે સદર મુદદામાલ વાહનના વેચાણ લેખની નકલ રજુ કરેલ અને તે વેચાણ લેખને ધ્યાને લેતાં આ કામે કબજે કરેલ મુદદામાલ વાહન મહિન્દ્રા બોલેરો પીકઅપ ડાલાના મુળ માલીક હાલના અરજદારે તારીખ ૦૯/૧૨/૨૦૨૫ ના રોજ વેચાણ કરાર કરી સદર મુદદામાલ પીકઅપ ડાલુ નવાબખાન અહેમદખાન બલોચ ને વેચાણ આપેલ છે અને તે તારીખ થી સદર મુદદામાલ વાહન પીકઅપ ડાલાના મુળ માલીક હાલના અરજદારે સદર વાહનનો કબજો નવાબખાન અહેમદખાન બલોચ ને સોંપી દીધેલ હોવાનું જણાવેલ છે. આમ, સદર વેચાણ લેખ ઉપરથી સદર મુદદામાલ પીકઅપ ડાલાના મુળ માલીક હાલના અરજદાર હોવાનું જણાઇ આવે છે અને આર.ટી.ઓ. ખાતે પણ સદર મુદદામાલ વાહનના માલીક તરીકે તેના મુળ માલીક હાલના અરજદાર નું નામ ચાલી રહેલ છે પરંતુ સદર મુદદામાલ વાહન બાબતે હાલના અરજદારે વેચાણ લેખ કરીને સદર વાહન અન્ય વ્યકિત નવાબખાન અહેમદખાન બલોચને વેચાણ આપી દીધેલ હોઇ સદર મુદદામાલ વાહનનો કબજો ભોગવટો હાલમાં અરજદાર પાસે ન હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે. વધુમાં આ કામે ફરીયાદની હકીકતો જોતાં સદર મુદદામાલ વાહન કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અબ્દુલખાન સુલતાનખાન અહેમદખાન બલોચ ના કબજામાંથી કબજે લીધેલ હોવાનું અને તપાસ દરમિયાન સદર મુદદામાલ વાહન નવાબખાન અહેમદખાન બલોચ તથા પકડાયેલ કિશોર ઉપયોગ કરતા હોવાનું અને સદર મુદદામાલ વાહન સહ આરોપી મહમદખાન સુલતાનખાન બલોચ ને ભાડે ફેરવવા આપેલ હોવાનું જણાવી સદર મુદદામાલ

પીકઅપ ડાલામાં નાની મોટી ભેંસ (પાડી) જીવ નંગ ૦૪ આશરે કુલ કિંમત રૂપીયા ૧૭,૫૦૦/- તથા પીકઅપ ડાલા નંબર GJ-08-Z-9429 જેની અંદાજીત કિંમત રૂપીયા ૨,૦૦,૦૦૦/- વાળામાં ક્રુરતાપુર્વક દોરડા વડે બાંધી ભરી કોઇપણ પ્રકારની ઘાસચારા કે પાણીની સગવડ વ્યવસ્થા ન રાખી પોતાનું પીકઅપ ડાલુ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ગુનો કરેલ હોઇ અને રેઇડ દરમિયાન સદર મુદદામાલ વાહન નાની મોટી ભેંસ (પાડી) જીવ નંગ ૦૪ સાથે તપાસના કામે કબજે કરવામાં આવેલ છે. આમ, આ કામે સદર મુદદામાલ વાહનના વેચાણ લેખ અને ફરીયાદની હકીકતોને ધ્યાને લેતાં સદર મુદદામાલ વાહન મહિન્દ્રા બોલેરો પીકઅપ ડાલુ જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-08-Z-9429 તેના મુળ માલીક હાલના અરજદાર નામે આર.ટી.ઓ. કચેરીમાં રજીસ્ટ્રેશન થયેલ હોવાનું જણાય છે અને સદર મુદદામાલ વાહન તેના મુળ માલીક હાલના અરજદારે વેચાણ લેખ કરીને નવાબખાન અહેમદખાન બલોચને વેચાણ આપી દીધેલ છે અને સદર મુદદામાલ વાહનનો ઉપયોગ પણ તે વેચાણ રાખનાર નવાબખાન અહેમદખાન બલોચ અને ાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અબ્દુલખાન સુલતાનખાન અહેમદખાન બલોચ કરતા હોવાનું અભિપ્રાયમાં સ્પષ્ટ જણાવેલ છે. વધુમાં સદર મુદદામાલ વાહન જો લાંબો સમય પોલીસ સ્ટેશનમાં બીનવપરાશી હાલતમાં પડી રહે તો વાહનના સ્પેરપાર્ટસ અને મશીનરી બગડી જવાની તેમ જ તેના ટયુબટાયરને પણ નુકસાન થવાની પુરતી સંભાવના રહેલ છે અને સદર મુદદામાલ વાહન કોઇપણ કારણ વગર પોલીસ સ્ટેશનની બહાર ખુલ્લામાં રાખી મુકવાનો કોઇ અર્થ રહેતો નથી અને જો સદર મુદદામાલ વાહન લાંબો સમય પડી રહે તો તે વાહન ઉપયોગ કરવા લાયક રહે નહી.

૭. વધુમાં હાલના કામે પણ વેચાણ રાખનાર નવાબખાન અહમદખાન બલોચ નાઓએ આંક ૬ થી અરજી આપી સદર મુદદામાલ વાહનના કાયદેસરના કબજેદારને મુદદામાલ વાહન સોંપવા અરજી કરેલ અને હાલના કામે કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અબ્દુલખાન સુલતાનખાન બલોચ અને આરોપી મહમદખાન સુલતાનખાન બલોચ નાઓએ અનુક્રમે આંક ૮ અને આંક ૯ થી પુરશીશ રજુ કરી તેઓએ પણ કબજે કરેલ મુદદામાલ વાહન પીકઅપ ડાલુ તેના હાલના અરજદાર કે વેચાણ રાખનાર નવાબખાનને આપવામાં આવે તો તેઓને કોઇ વાંધો કે તકરાર

ન હોવાનું જાહેર કરેલ છે. વધુમાં આ કામે અરજદાર તરફે સદર મુદદામાલ વાહન ખરીદવા લીધેલ લોન અંગેનું મહિન્દ્રા ફાઇનાન્સ, રાધનપુર નું સદર મુદદામાલ વાહનના મુળ માલીક હાલના અરજદાર ના ખાતાનું સ્ટેટમેન્ટ આંક ૧૩ ના લીસ્ટથી રજુ કરેલ છે તે સ્ટેટમેન્ટને ધ્યાને લેતાં, તેના ઉપરથી સદર મુદદામાલ વાહનનો કોઇ હપ્તો બાકી ન હોવાનું જણાઇ આવે છે. વધુમાં હાલની અરજીના કામે સદર મુદદામાલ વાહનના મુળ માલીક હાલના અરજદારએ પણ આંક ૧૧ થી સોગંદનામું રજુ કરી નામદાર કોર્ટ સદર મુદદામાલ વાહન વેચાણ રાખનાર નવાબખાન અહમદખાન બલોચ ને વાહનનો કબજો સોંપે કે વિકલ્પે તેઓને કબજો સોંપે તેમાં તેઓને પણ કોઇ વાંધો કે તકરાર ન હોવાની અને વેચાણ રાખનાર નવાબખાન અહેમદખાન બલોચ દર માસે નિયમીત રીતે લોનની બાકી ચુકવણી કરતા હોવાનું અને હાલમાં કોઇ હપ્તો ચડેલ ન હોવાનું જાહેર કરેલ છે. આમ, આ કામે સદર મુદદામાલ વાહનના મુળ માલીક હાલના અરજદારે પણ સોગંદનામું કરી હાલના કામે કબજે કરેલ મુદદામાલ વાહન પીકઅપ ડાલુ તેઓએ વેચાણ લેખ કરી નવાબખાન અહમદખાન બલોચને વેચાણ આપી દીધેલ હોઇ અને તેઓએ સદર મુદદામાલ વાહનનો કબજો પણ નવાબખાન અહેમદખાન બલોચને જે તે સમયે સોંપી દીધેલ હોવાનું જણાવી સદર મુદદામાલ વાહન આ કામના વેચાણ રાખનાર નવાબખાન અહમદખાન બલોચ ને વાહનનો કબજો સોંપવામાં આવે તો તેઓને કોઇ વાંધો કે તકરાર ન હોવાનું જણાવેલ છે. આમ, હાલના અરજદારે પણ સદર મુદદામાલ વાહન બાબતે કોઇએ કલેઇમ પણ કરેલ નથી અને આ કામે સદર મુદદામાલ વાહન આ કામના હાલના અરજદારે નવાબખાન અહેમદખાન બલોચને વેચાણ આપી દીધેલ હોવાની હકીકત નિર્વિવાદ હોઇ અને સદર મુદદામાલ વાહન કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર અબ્દુલખાન સુલતાનખાન બલોચ ના કબજામાંથી કબજે કરવામાં આવેલ છે. આ કામે રજુ થયેલ વેચાણ લેખ ઉપરથી સદર મુદદામાલ વાહનના મુળ માલીક હાલના અરજદાર છે પરંતુ તેઓએ સદર મુદદામાલ વાહન વેચાણ લેખ કરીને નવાબખાન અહેમદખાન બલોચને વેચાણ આપી દીધેલ છે અને મુળ માલીક ધ્વારા સદર મુદદામાલ વાહનનો કબજો પણ નવાબખાન બલોચને આપી દેવામાં આવેલ અને તે રીતે હવે હાલના અરજદાર સદર મુદદામાલ વાહનના માલીક કે કબજેદાર રહેલ ન હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે.

૮. હવે હાલની અરજીની હકીકતો જોવામાં આવે તો આ કામના અરજદારે હાલની અરજીમાં સોગંદનામા ઉપર તેઓ આ કામે કબજે કરેલ મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર હોવાની હકીકત જણાવેલ છે અને તેઓએ તારીખ ૦૯/૧૨/૨૦૨૫ ના રોજ વેચાણ કરાર કરી સદર મુદદામાલ પીકઅપ ડાલુ નવાબખાન અહેમદખાન બલોચ ને વેચાણ આપેલ છે અને તે તારીખ થી સદર મુદદામાલ વાહન પીકઅપ ડાલાના મુળ માલીક હાલના અરજદારે સદર વાહનનો કબજો નવાબખાન અહેમદખાન બલોચ ને સોંપી દીધેલ હોય તેવી કોઇ જ હકીકત હાલની અરજીમાં જણાવેલ નથી. આમ, અરજદારે હાલની અરજીમાં તેઓએ સદર મુદદામાલ વાહનનો વેચાણ લેખ કરી દીધેલ હોવાની અને તેઓએ મુદદામાલ વાહનનો કબજો અન્ય ઇસમને સોંપી દીધેલ હોવાની હકીકત છુપાવેલ છે અને તપાસ કરનાર અમલદાર શ્રીએ જ્યારે તેમનો અભિપ્રાય રજુ કરેલ ત્યારે તે અભિપ્રાયની સાથે વેચાણ લેખની નકલ રજુ થતા સત્ય હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. આમ, તપાસ કરનાર અમલદાર શ્રીના અહેવાલ મુજબ અરજદારે મુદદામાલ વાહન નવાબખાન અહેમદખાન બલોચને વેચાણ આપી દીધેલ છે એટલે હાલના અરજદાર પાસે સદર મુદદામાલ વાહનની માલીકી અને કબજા બંને બાબતમાં સંદેહ ઉભો થાય છે. વધુમાં અરજદાર ધ્વારા હાલની અરજીમાં મહત્વની હકીકત છુપાવવી તે પણ ગંભીર બાબત છે.

૯. આમ, આ કામે અરજદારે સોગંદનામા ઉપર તેઓ પોતે સદર મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર હોવાનું જણાવેલ છે અને તપાસ કરનાર અમલદાર શ્રીના અહેવાલ મુજબ સદર મુદદામાલ વાહન વેચાણ કરાર ધ્વારા નવાબખાન અહેમદખાન બલોચ ને વેચાણ આપી દીધેલ છે અને તે સંજોગોમાં અરજદાર પ્રથમ દર્શનીય રીતે જ સદર મુદદામાલ વાહનના માલીક અને કબજેદાર રહેલ નથી. આમ આ કામે અરજદારે મહત્વની હકીકત છુપાવી હાલની અરજી કરેલ છે. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ આ કામના અરજદારે પોતે સદર મુદદામાલ વાહનનો માલીક તથા કબજેદાર હોવાનું સોગંદ ઉપર કરેલ નિવેદન હકીકત વિરુધ્ધનું હોવાનું સ્પષ્ટ જણાઇ આવે છે અને અરજદારે સદર મહત્વની હકીકત કોર્ટ સમક્ષ છુપાવેલ હોઇ, તમામ હકીકતો અને સંજોગોને ધ્યાને

લેતાં, આ કામના અરજદાર સદર મુદદામાલ વાહનની વચગાળાની કસ્ટડી મેળવવા હકકદાર જણાતા ન હોઇ, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

અરજદારની હાલની અરજી આથી નામંજુર (રદ) કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

આજરોજ તારીખ. ૨૮ મી એપ્રીલ, ૨૦૨૬ ના રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તારીખ. ૨૮/૦૪/૨૦૨૬

( રાજેન્દ્ર ઘનશ્યામભાઇ બારોટ )
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
દિયોદર, જી. બનાસકાંઠા
Judge Code : GJ00572